કેરી મોંઘી, રસ સસ્તો

રૂા. ૭૦ થી ૨૦૦ ના ભાવે વેચાતી વિવિધ જાતની કેરીઓ સામે રૂા. ૩૦ થી ૫૦ની કિંમતે રસ વેચાય છે

ગાંધીનગર, તા. ૧૧

ફળોના રાજા કેરીનું ઉનાળાના આગમન સાથે આગમન થઈ ચુક્યું છે. જો કે હાલમાં માલ ઓછો હોવાથી એક કિલો કેરીનો ભાવ ૭૦ થી લઈને ૨૦૦ રૂ. સુધીનો છે. આટલી મોંઘીદાટ કેરીઓ મળતી હોવા છતાં કેરીનો રસ સસ્તા ભાવે વેચાઈ રહ્યો છે. કરીના રસના નામે કેમિકલ, એસેસન્સ અને અન્ય ચીજોની ભેળસેળવાળો પદાર્થ કેરીના રસના નામે ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે.

ઉનાળો જામ્યો છે, તે સાથે જ કેરીનું આગમન શહેરમાં થઈ ચુક્યું છે. પરંતુ હજુ સુધી તેની આવક જોઈએ તેટલી ન હોવાથી ભાવ ખુબ ઉંચા છે. વળી ૩૦ થી ૫૦ના ભાવે કેરીનો રસ વેચાઈ રહ્યો છે. જ્યારે ખુલ્લામાં લાગેલી કેટલીક હાટડીઓમાં કેરીના રસનો એક ગ્લાસ રૂ. ૧૦માં જ વેચાઈ રહ્યો છે.

ગુણવત્તા પણ ઉતરતી છે. હાલ બજારમાં બદામ, કેસર અને ગોલા કેરીઓ વેચાણ અર્થે આવી છે. તેનો ભાવ ૭૦ થી લઈને ૨૦૦ રૂ. કિલો સુધીનો છે. જ્યારે હાફુસ કેરી નંગના ભાવે વેચાઈ રહી છે. કેરીઓ હજુ જોઈએ તે પ્રમાણમાં ઉપલબ્ધ નથી તેમ છતાં કેરીનો રસ બિન્દાસ્ત ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે. કેમિકલથી પકવેલી કેરીના રસમાં પાણી, એસેન્સ અને પપૈયાનો રસ તથા અન્ય દ્રાવણો મિશ્રિત કરી કેરીના રસના નામે તેનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. માત્ર રૂ. કેરીઓ મોંઘી અને રસ સસ્તો હોય ત્યારે તેમાં ભેળસેળ હોવાની જ તે લોકો જાણતા હોવા છતાં બજારમાં મળતો તૈયાર રસ ખુબ વેચાઈ રહ્યો છે. ગરમી ખુબ પડી રહી છે ત્યારે આવો કેમિકલવાળો રસ ખાવો સ્વાસ્થ્ય માટે હાનીકારક છે. ઉનાળુ વેકેશન દરમ્યાન યોજાતા લગ્ન સમારંભોમાં પણ મિષ્ઠાન તરીકે કેરીનો રસ જ પીરસાશે. બજારમાં તૈયાર મળતો રસ જ લગ્નોમાં વપરાતો હોવાથી ફૂડ પોઈઝનીંગના કેસો વધવાની પણ પુરેપુરી સંભાવના છે.

અગાઉના વર્ષોમાં બજારમાં મળતા કેરીના રસની ચકાસણી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કરવામાં આવી હતી પરંતુ આ ચકાસણીનું શું પરિણામ આવ્યું તેની કોઈનેય જાણ નથી. કેરીના રસના નામે ભેળસેળવાળો પદાર્થ ખુલ્લેઆમ અને બેરોકટોકપણે વેચાઈ રહ્યો છે.

'ઊંટ કાઢે ઢેકા તો માણસ કાઢે કાઠાં.' આ કહેવત આમ તો અહીં અતિશયોક્તિ ગણાય પણ તેને એટલા માટે યાદ કરવી પડી કે સુંદરતા, વ્યવસ્થા અથવા સલામતીના નામે ગાંધીનગર શહેરનાં સેક્ટર્સમાં પ્રવેશવાના જે ઘણા બધા રસ્તાઓ હતા તે બંધ કરીને 'સર્કલ ટુ સર્કલ એન્ટ્રી'ની વ્યવસ્થા અમલમાં લાવવામાં આવી છે. આ વ્યવસ્થા નગરજનો માટે તો અવ્યવસ્થા જ છે, જેનો તોડ નગરજનો આ રીતે જાતે જ મેળવી લે છે. (તસવીર : દિપક જાની)

ગુડા દ્વારા ૧૨૫ કરોડનાં કામોનું લોકાર્પણ મે માસના પ્રથમ સપ્તાહમાં

અગાઉ માણસાની પેટા ચૂંટણીના લીધે આયોજન પડતુ મુકાયું હતું

ગાંધીનગર, તા. ૧૧

ગુડા દ્વારા ૧૭મા સ્થાપના દિનની ઉજવણી આગામી મે મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે. ગત મહિનામાં માણસાની પેટા ચૂંટણીને અનુલક્ષી આચારસંહિતા અમલમાં આવતા સ્થાપના દિનની ઉજવણી પાછી ઠેલવા નિર્ણય લેવાયો હતો. સ્થાપના દિનને અનુલક્ષી ગુડા દ્વારા આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં સે. ૧૭ ટાઉનહોલ ખાતે સમારોહ યોજવામાં આવશે. આ દરમિયાન ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધાના રૂ. ૧૨૫ કરોડના વિવિધ કામોની લોકાર્પણવિધિ યોજાશે.

દોઢ દાયકાના અંતે ગુડા વિસ્તારમાં વિકાસના નવતર અભિગમ સાથે માળખાકીય સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. ગુડા દ્વારા ડિટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી નવીન કામોના આયોજન સંદર્ભે કામગીરી તેજ બનાવી દેવાઈ છે. ત્યારે આગામી મહિનામાં શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધા પુરી પાડવા સવાસો કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે. ગુડા દ્વારા ગત મહિના દરમિયાન ૧૨ માર્ચના રોજ સ્થાપના દિન નિમિત્તે લોકાર્પણવિધિનો કાર્યક્રમ યોજવામાં આવનાર હતો. પરંતુ આ અરસામાં જ માણસા વિધાનસભાની પેટાચૂંટણીના લીધે આચારસંહિતા અમલમાં મુકાતા ગુડાએ આ આયોજન પડતુ મુકવું પડ્યું હતું. જ્યારે હવે આગામી મે મહિનાના પ્રથમ સપ્તાહમાં લોકાર્પણવિધિનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં ટ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, કુડાસણમાં પાણીની ટાંકીનું કામ, ટીપી સ્કીમ નં. ૧૦માં તેમજ ૬માં આંતરિક રસ્તાઓનું કામ ઉપરાંત વાવોલ, મોટા ચિલોડા, સરગાસણ, શેરથામાં તળાવ વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત રાયસણમાં કલ્ચરલ સેન્ટર, કુડાસણ-સરગાસણમાં વેજીટેબલ માર્કેટ તેમજ સરગાસણમાં મુક્તિધામના કામને પણ લોકાર્પણવિધિમાં આવરી લેવાશે. અંદાજિત રૂ. ૧૨૫ કરોડના કામોને લોકાર્પણ કરવામાં આવસે. સે. ૧૭ ટાઉનહોલ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, શહેરી વિકાસ મંત્રી નીતિન પટેલ તેમજ ગુડાના ચેરમેન અશોક ભાવસાર ઉપરાંત અન્ય અગ્રણીઓ આજરી આપશે.

આગામી સત્રથી ધો. ૬થી ૮ તથા ધો. ૯ અને ૧૨નો અભ્યાસક્રમ બદલાશે

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૩ અને ૪ના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત તથા તેમની પ્રયોગ પોથી અને સ્વ અધ્યયન પોથી બદલાશે

ગાંધીનગર, તા. ૧૧

આગામી સત્રથી અભ્યાસક્રમોમાં ભારે ફેરબદલ આવી રહ્યા છે. ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં ધો. ૬ થી ૮ અને માધ્યમિક વિભાગમાં ધો. ૧૦અને ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના પાઠ્યપુસ્તકો નવા અભ્યાસક્રમ આધારિત રહેશે.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરના નિયામકશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે કે શૈક્ષણિક સત્ર જૂન-૨૦૧૨ થી કેટલાક ધોરણોમાં નવા અભ્યાસક્રમ અનુસાર પાઠ્યપુસ્તકો અમલમાં આવશે. તે પૈકી ધો. ૬ થી ૮માં ગુજરાતી વાંચનમાળા, હિન્દી નિમ્નસ્તર, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, અંગ્રેજી દ્વિતિયભાષા તથા સંસ્કૃતિના પાઠ્યપુસ્તકો બદલાશે. જ્યારે અંગ્રેજી, હિન્દી, મરાઠી, સિન્ધી, ઉર્દૂ અને તામીલના પાઠ્યપુસ્તકો જુના અભ્યાસક્રમ મુજબ અમલમાં રહેશે. ધો. ૧૦માં ગણિત, વિજ્ઞાન ટેકનોલોજી, વિજ્ઞાન ટેકનોલોજી પ્રાયોગિકપોથીના પાઠ્યપુસ્તકો બધા જ માધ્યમોના બદલાશે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૩ અને ૪ના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત તથા તેમની પ્રાયોગિક પોથી અને સ્વ અધ્યયન પોથી બદલાશે. વ્યવસાયલક્ષી પ્રવાહમાં ધો. ૮માં વાણિજ્યના મૂળતત્વો, નામુ અને હિસાબી પદ્ધતી,વાણિજ્ય પત્ર વ્યવહાર અને સેક્રેટીયલ્સ પ્રેક્ટીસ અને ધો. ૧૦માં વાણિજ્ય પરિચય, નામાના મૂળતત્વો, વાણિજ્ય પત્ર વ્યવહાર અને સેક્રેટીયલ પ્રેક્ટીસના પુસ્તકો બદલાશે. ધો. ૯ અને ૧૦માં ઉત્તર બુનિયાદી પ્રવાહમાં વનવિદ્યા, વસ્ત્રવિદ્યા, કૃષિ વિદ્યા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, ગ્રામમંત્ર વિદ્યા તથા ટેકનીકલ પ્રવાહમાં એલિમેન્ટસ ઓફ એન્જિનિયરીંગ ડ્રોઈંગના પુસ્તકો આ વર્ષે બદલાશે. ધો. ૧૨ સંસ્કૃત પાઠશાળા માટે સંસ્કૃત માધ્યમના ૧૬ પાઠ્યપુસ્તકો પણ પ્રસિદ્ધ થશે.

શહેરના માર્ગોને ચકાચક બનાવી નામાભિધાન મુજબ બોર્ડ મુકાશે

મુખ્ય અને સેક્ટરોના આંતરિક માર્ગોનું કામ જોરમાં બાકી રહેલા શોપીંગ વિસ્તારમાં પાર્કીંગનું કામ શરૂ

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં માર્ગ નવીનીકરણ અને પાર્કીંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સપ્તાહપૂર્વે 'ઘ' માર્ગને ચકાચક બનાવવાનું કામ શરૂ કરાયા બાદ નવા અને જૂના સેક્ટરોમાં પણ આંતરિક માર્ગોના મજબુતીકરણનું કામ શરૂ કરી દેવાયું છે. આ ઉપરાંત બાકી રહેલા શોપીંગ વિસ્તારમાં પણ પાર્કિંગનું કામ હાથ ધરાયું છે. જ્યારે માર્ગ નવીનીકરણના અંતે નામાભિધાન મુજબ બોર્ડ પણ મુકવામાં આવશે.

પાટનગરમાં પાંચ વર્ષના અંતે મુખ્ય 'ઘ' માર્ગના નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત નિયત સમયના અંતે સેક્ટરોના આંતરિક માર્ગોનું પણ મજબુતીકરણ કરવામાં આવી રહ્યું છે. સે. ૧ થી ૫ માં માર્ગ નવીનીકરણની કામગીરી સંદર્ભે અગાઉ વરસાદી પાણી ન ભરાય તે માટે યોગ્ય લેવલીંગ કરવામાં આવ્યું હતું. જ્યારે હવે

● અનુસંધાન પાન-૫ પર

યોગક્ષેમના ચુકાદા પ્રમાણે ફીકસ પગાર રદ કરો

ગાંધીનગર, તા.૧૧

યોગક્ષેમ સંસ્થા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ફીકસ પગારની પ્રથા રદ કરી મૂળ નિમણૂંકની તારીખથી પુરા પગારની નોકરી આપવા સામે સરકારની એમ.સી.એ.ને હાઈકોર્ટે રદ કરી મૂળ નિમણૂંકથી પુરા પગારે પેન્શન, ગ્રેજયુઈટીના લાભ સાથે કરેલ હુકમને સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ, મહામંત્રી અબ્દુલભાઈ ચૌહાણ તથા ઉપાધ્યક્ષ ચંદુભાઈજોષી, આર.એ. પટેલ, ડી.આર. દેવમોરારી, પ્રવિણ સોલંકીએ આવકારી સરકારને આ બાબતે સત્વરે ફીકસ પગારની જગ્યાએ પુરા પગારના નિવૃત્તિના તમામ લાભો સાથેના હુકમો એક માસમાં સત્વરે કરવા જણાવ્યું છે.

પત્રકાર પર હુમલો કરનાર શખ્સો અંગે હજુ કડી મળી નથી

ગાંધીનગર, તા. ૧૧

સિનિયર પત્રકાર ગૌતમ પુરોહિત પર હીચકારો હુમલો કરવાના કેસમાં પોલીસને હજુ હુમલાખોરોના પગેરૂ સંદર્ભે કોઈ ચોક્કસ કડી મળી નથી. પોલીસે આજે હુમલાનો ભોગ બનનાર પત્રકારના રહેણાંક વિસ્તારમાં પૂછતાછ હાથ ધરી હતી.

નગરના સિનિયર પત્રકાર ગૌતમ પુરોહિતને ગઈકાલે સવારે કુડાસણ માર્ગ પર ચાર શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. એસ્ટીમ કારમાં આવેલા ચાર અજાણ્યા ઈસમો તેમને માર મારી ફરાર થઈ જતા આ મામલે સે. ૭ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હુમલા દરમિયાન તત્વોએ લૂંટનો પ્રયાસ કર્યો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. હુમલાખોરોનું પગેરૂ શોધવા પોલીસે સઘન તપાસનો દૌર આરંભ્યો છે પરંતુ હજુ સુધી આ મામલે પોલીસને કોઈ સુરાગ મળ્યો ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ કેસ સંદર્ભે પોલીસે આજે હુમલાનો ભોગ બનનાર પત્રકારના નિવાસસ્થાન આસપાસ તેમજ તેમના પુત્રના કોલેજ કેમ્પસ આસપાસના વિસ્તારમાં પણ જરૂરી તપાસ હાથ ધરી હતી.

પંચાયતોની ચૂંટણી ટાણે જ કલ્યાણ મેળાનું આયોજન

આચારસંહિતા ભંગનો કોંગ્રેસનો આક્ષેપ : હાલમાં ગરીબ કલ્યાણ મેળાઓ ગરીબોની મજાક સમાન છે : કોંગ્રેસ દ્વારા સરકારની સામે દેખાવો કરાશે : નિશીથ વ્યાસ

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં ભાજપના સત્તાધીશોનું માણસાના મતદારોએ સ્થાન બતાવી દીધા બાદ સત્તા સાથે સગપણનો નાતો રાખતી સરકારે સ્વાયત સંસ્થા અને બંધારણીય સ્થાન ધરાવતા ચૂંટણી પંચે પંચાયતને ચૂંટણીઓને ધ્યાને લઈ લાદેલી આચારસંહિતાની એસીતેસી કરી ગરીબ કલ્યાણ મેળાની આયોજનની જાહેરાત કરી છે. ૧૫મી એપ્રિલે પંચાયતોની ચૂંટણીઓનું મતદાન છે પણ આ મેળાઓનું નાટક કરી ગ્રામ્ય મતદારોને આકર્ષવા માટે ૧૨થી ૧૫ એપ્રિલ દરમ્યાન ૬૦થી વધુ મેળાઓ યોજવાનો નિર્ણય કર્યો છે. નૈતિકતાને કારણે મુકનાર આ સરકારનો દંભી ચહેરો છતો કરે છે. ભાજપની કરની અને કથનીમાં કેટલું અંતર છે તેના આ પુરાવો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશીત વ્યાસે ગુજરાત સરકા દ્વારા યોજાતા ગરીબ કલ્યાણ મેળા ગરીબોની ક્રુર મજાક હોવાની વિગતો સાથે જણાવ્યું હતું કે, અગાઉ જે ગરીબ મેળાઓ કરવામાં આવ્યા અને તમાં સહાયકના ચેક, જમીનોની સનદો, સાધન સહાયના ચેક તેમજ અનેક પ્રકારની લ્હાણી કરવામાં આવી હતી. જેમાંના મોટા ભાગના લાભાર્થીઓના ચેક પરત આવ્યાં છે.

જમીનોનો વાસ્તવિકકબજો આપવામાં આવ્યો નથી. વિધવા અને ત્વકતા બહેનોના પેન્શન મળ્યા નથી ઘરથાળના પ્લોટના કબજા મામલતદાર દ્વારા હજુ સુધી આપવામાં આવ્યા નથી. બંધ કવર ખોલતા તેમાંથી સહાયના કોઈ જ ચેક ન મળ્યા. પરંતુ મુખ્યમંત્રીની પ્રસસ્તી કરતી પત્રિકાઓ મળી.

મંત્રી વાસણભાઈ આહિરે ગોપાલક વિકાસ નિગમની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૧

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી વાસણભાઈ આહિરે તાજેતરમાં ગાંધીનગર સ્થિત ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ની શુભેચ્છા મુલાકાત લીધી હતી. નિગમના અધ્યક્ષ ડૉ. સંજયકુમાર એમ. દેસાઈએતેમને ઉમળકાભેર આવકારી નિગમની કામગીરીની રૂપરેખા આપી હતી. મંત્રીશ્રીએ નિગમની કામગીરી બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

તૃતિય માસિક પુણ્યતિથિએ
ભાવપૂષ્પ અર્પણ

સ્વ. માણેકલાલ એમ. પટેલ (સાઢેબ)
સ્વર્ગવાસ તારીખ : ૧૨-૧-૨૦૧૨
ગાંધીનગરને શિક્ષણના ક્ષેત્રે પ્રથમ હરોળમાં સ્થાન અપાવનાર
આર્યદ્રષ્ટા
પ્રબળ પુરૂષાર્થ થકી કડી સર્વ વિદ્યાલય કેળવણી સંકુલમાં પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીની સુવિધાઓ પુરી પાડી વટવૃક્ષનું નિર્માણ કરનાર
ભિષ્મ પિતામહ
સ્ત્રી કેળવણીના ક્ષેત્રે અનેક સંસ્થાઓનું નિર્માણ, ગરીબ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં સહાયભૂત.
સમસ્ત જીવન શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે સમર્પિત કરવા બદલ
"પાઘીદાર શ્રેષ્ઠ શિરોમણી એવોર્ડ"
તેઓના ઉચ્ચ આચાર-વિચારને લીધે પૂ. ગુરૂમા તથા સમદર્શન પરિવાર સાથેની આત્મિયતા આજે પણ સતત યાદ આવે છે.
પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સમદર્શન આશ્રમ પરિવાર, સેક્ટર-૧, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

નૃત્યશ્રી કલાવૃન્દ - ગાંધીનગર
કંઈક નવુ - ગાંધીનગરની લોકનૃત્યોમાં અગ્રેસર રહેલી કલા સંસ્થા દ્વારા સર્વપ્રથમવાર ઉદેપુરના કલાકારો દ્વારા કોરીયોગ્રાફ કરવામાં આવશે.
● રાજપૂતાના ● તેરાહ તાલ ● ચરી
● કાલબેલીયા ● ભવાઈ (નવમટકા સાથે)
● હોલી ● પનીહારી ● મયુર ● કેસરીયા બાલમ
જેવા લોકનૃત્યોની તાલીમ આપશે.
તા. ૧૫ એપ્રીલ થી ૨૫ એપ્રીલ
સાંજે : ૪થી ૮ ● ૭ વર્ષની ઉપર વયમર્યાદા ●
સંપર્ક : સે.૩ ૯૮૭૯૭૭૩૦૬૦,
સે.૭ ૯૬૦૧૧૧૧૯૧૧, સે-૨૨ ૯૮૨૫૨૯૯૯૩૪
કોન્સેપ્ટ : પીટર્સ વેસ્લી

નોટીસ
સાંચા કામ સબબે તારીખ ૧૨-૪-૧૨, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. નવદીપ ટાઈલ્સ, સે.૨૮, જીઆઈડીસી
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

જાહેર નિવિદા નં. ૧ - સને ૨૦૧૨-૧૩

જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, વાલ્મી-આણંદ (ફોન નં. ૦૨૬૯૨-૨૬૨૪૫૦) દ્વારા તેની પેટા કચેરી સરદાર પ્રાદેશિક તાલીમ કેન્દ્ર (વાલ્મી) ગાંધીનગર માટે રસ ધરાવતા કેટરર્સ પાસેથી નીચે જણાવેલ કામના સીલબંધ ટેન્ડર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. ભરેલા ટેન્ડરના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર મેળવવાની અરજી સાથે કામને સંલગ્ન તમામ દસ્તાવેજો જેમ કે, રજીસ્ટ્રેશન નંબર, પાન નંબર, ટીન નંબર, ઈ.પી.એફ. સર્ટી, લેબર લાઈસન્સ, કામના અનુભવના પ્રમાણપત્ર વિગેરે રજૂ કરવાથી મળી શકશે.

અ. નં.	કામનું નામ		
		૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી ૩) બાનાની રકમ	૧) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨) ભરેલ ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તારીખ ૩) ટેન્ડર ખોલવાની તારીખ
૧.	ચા-કોફી, નાસ્તો, ભોજન વગેરે તૈયાર કરી, પીરસવાની વ્યવસ્થા માટેનું માલ સામાન, મજૂરી સાથેનું કામ	૧) ૩,૦૦,૦૦૦/- ૨) ૬૦૦/- ૩) ૩,૦૦૦/-	૧) ૨૦/૪/૨૦૧૨ ૨) ૨૭/૪/૨૦૧૨ ૩) ૩૦/૪/૨૦૧૨

આ કામોની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર કામકાજના સમય દરમિયાન જોવા મળશે. માહિતી/૫૦/૧૨-૧૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
બ્લોક નં. ૧૮ના ૪થા માળે ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮
Email : guda_info@yahoo.co.in
શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૨/૨૦૧૨-૧૩
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ ફર્નિચર તરીકે નમુના મુજબના આર.સી.સી./મારબલના બાંકડા તૈયાર કરી સપ્લાય કરવા સારૂ કામના અનુભવી ઈસમો ઉત્પાદકો તરફથી ભાવપત્રકો માંગવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૯૦૦/- જમા કરાવ્યેથી તા. ૨૦-૪-૧૨ના ૧૬-૦૦ કલાક સુધીમાં મળશે તેમજ ટેન્ડર તે જ દિવસે સાંજે ૧૮-૦૦ કલાકે સુધી સીલબંધ કવરમાં સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તારીખ : ૨૩-૪-૧૨ બપોરે ૧૨-૦૦ કલાકે
સ્થળ : ગાંધીનગર — મુખ્ય કારોબારી અધિકારી
તારીખ : — ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૪૭/૧૨-૧૩ — ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
APOLLO BIRLA TYRES SEIAT

જાહેરાત
રાજ્ય સરકાર દ્વારા માનવ વિકાસ સૂચકાંકને ઊંચો લાવવાના હેતુસર અમલમાં મુકાયેલ ફ્લેગશીપ અને મીશનમોડ પ્રકારની યોજનાઓના સરળ અમલીકરણ માટે ગાંધીનગર જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે નીચેની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરારથી ભરવાની હોઈ, જે તે જગ્યા માટે તેની સામે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેની લગતા પ્રમાણિત પ્રમાણપત્રો સાથેની અરજી તા. ૩૦-૪-૨૦૧૨ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા આયોજન કચેરી, બ્લોક બી/૨, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.
૧. સિનિયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ કમ કન્સલ્ટન્ટ- ૧ જગ્યા : માસિક ફીક્સ પગાર રૂ. ૩૦,૦૦૦/-
લાયકાત : The candidate should be at least Post Graduate in Economics, Mathematics, Sociology or Statistics or should have Master Degree in Management having experience of at least one to two years in the related field. The candidate who have degree of M.Phil., Ph.d., who have presented research papers in Seminars / Conferences or having teaching Experience would be given prederence. Well Developed IT skills will be an essential requirement. The candidate having experience of similar type in state Government will be given Preference.
૨. સિનિયર પ્રોજેક્ટ એસોસીયેટ્સ - ૧ જગ્યા : માસિક ફીક્સ પગાર રૂ. ૨૦,૦૦૦/-
લાયકાત : The candidate should be at least Post Graduate in Economics, Mathemetics, Sociology or Statistics or should have Master Degree in Management. The candidate who have research or work experience in relevant field would be given preference. Well developed IT skills will be an essential requirement.
ઉપરોક્ત નિમણુંક કરવાની તમામ સત્તા કલેક્ટરશ્રીને અબાધિત રહેશે.
તા. ૩૧-૩-૨૦૧૨ — સહી/-
માહિતી/૪૯/૧૨-૧૩ — કલેક્ટર, ગાંધીનગર

SANGHI CEMENT · KisaN · BENELAWE · U.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com